
# પૂજા

**(ગીતસંગ્રહ)**




(રચનાકાળ - ઈ.સ. ૧૯૫૭-૫૮)

## - શ્રી યોગેશ્વરજી

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન
**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *




e-book

| | |
|---|---|
| Title | : Pooja (પૂજા) |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 88 |
| Created | : July 6th 2018. |


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version (**ISBN 978 81 934278 35**). However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *


## શ્રી યોગેશ્વરજી

**(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)**



The ultimate aim of Human Life is Self-Realization.

- Shri Yogeshwarji




* * *

## વંદન

શ્રી યોગેશ્વરજી એક અભિનવ શૈલીથી સંપન્ન સરસ સાહિત્યકાર હોવા છતાં એમના સાહિત્યસર્જનથી અને એના દ્વારા એમણે કરેલી સેવાની પ્રાણવાન પ્રવૃત્તિથી કેટલાક સાહિત્યકારો તથા વિવેચકો સુપરિચિત નથી એ એક હકીકત છે. શ્રી યોગેશ્વરજી કેવળ સંત, મહાત્મા, યોગી અથવા ઉત્તમ પ્રવચનકાર જ નથી પરંતુ સમર્થ લેખક કે સાહિત્યકાર પણ છે. એમણે ગરવી ગુજરાતી ભાષામાં ૮૦ જેટલા પુસ્તકોનું પ્રદાન કરીને પોતાનું અનોખું, આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ પ્રદાન વૈવિધ્યવાળું છે.

'ગાંધીગૌરવ', 'કૃષ્ણ રુકિમણી', 'રામાયણદર્શન' એમની વિશાળ કાવ્યકૃતિઓ.

'બિન્દુ' બાળકાવ્યોનો સંગ્રહ.

'હિમાલય અમારો' દેશપ્રેમનાં ગીતો.

'દ્યુતિ', 'અભીપ્સા', 'પ્રસાદ', 'તર્પણ' કાવ્યસંગ્રહો.

'અનંત સૂર', 'સનાતન સંગીત', 'ફૂલવાડી', 'અક્ષત', 'પરિમલ' એમની અછાંદસ કૃતિઓ.

'આરતી', 'આલાપ', 'અભીપ્સા', 'પ્રસાદ', 'સાંઈસંગીત', ભજનો

'રસેશ્વરી', 'ઉત્તરપથ', 'સમર્પણ', 'આગ', 'પરીક્ષિત' જેવી પંદરેક નવલકથાઓ.

'રોશની' નવલિકા સંગ્રહ.

'પ્રકાશના પંથે' નામક આત્મકથા.

'હિમાલયના પત્રો' પત્રસાહિત્યની પરમપ્રેરક કૃતિ.

'ગીતાદર્શન', 'ઉપનિષદનું અમૃત', 'યોગદર્શન', 'પ્રેમભક્તિની પગદંડી', 'ચંડીપાઠ', 'સાધના', 'યોગમીમાંસા', 'રામકથામૃત', 'ગીતાસંદેશ', 'ગીતા તત્ત્વવિચાર', 'આરાધના' જેવા ચિંતનગ્રંથો.

'બ્રહ્મસૂત્ર', 'ભાગવત' મહાગ્રંથો.

'તીર્થયાત્રા', 'કળીમાંથી ફૂલ' જેવા પ્રવાસ પુસ્તકો.

'સંત સમાગમ', 'સત્સંગ', 'ધર્મનો સાક્ષાત્કાર', 'ધર્મનો મર્મ', 'ઈશ્વરદર્શન', 'અધ્યાત્મનો અર્ક', 'પરબનાં પાણી', 'ધૂપસુગંધ' જેવા રેખાચિત્રો તથા પ્રશ્નોત્તરી ગ્રંથો.

એકત્રીસ વાર છપાઈ ગયેલી (બે લાખ પ્રત) 'સરળ ગીતા'.

'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં', 'હિમગિરિમાં યોગી', 'રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં', એમના અંગ્રેજી પુસ્તકોના અનુવાદો.

એમનો સુંદર, સુવિખ્યાત ચરિત્રગ્રંથ 'ભગવાન રમણ મહર્ષિ'.

એ ઉપરાંત એમની પદ્યાનુવાદ કૃતિ 'રામચરિતમાનસ', સંત શિરોમણી તુલસીદાસ રચિત રામચરિતમાનસનો એ પદ્યાનુવાદ ગ્રંથ ગુજરાતીભાષી પ્રજાને માટે અસાધારણ આશીર્વાદરૂપ ઠર્યો છે. એમાં એમણે રજૂ કરેલી રામાયણ નોંધ એમની તટસ્થ, મૌલિક, ચિંતનશક્તિની પ્રતીતિ કરાવે છે. એ મહાગ્રંથ દ્વારા એમણે ગુજરાતી સાહિત્યની શકવર્તી સર્વોત્તમ સેવા કરી લેખાશે.

શ્રી યોગેશ્વરજીની સાહિત્યસાધના દિનપ્રતિદિન અખંડ રીતે ચાલતી રહી છે. એમની સાહિત્યસાધનાસરિતા અસંખ્યને માટે આશીર્વાદરૂપ ઠરે છે. નીરક્ષીર વિવેકવાળા, પૂર્વગ્રહમુક્ત, તટસ્થ વિવેચકોએ એનો આસ્વાદ લેવાની અને જનસમૂહને પરિચય કરાવવાની આવશ્યકતા છે.

હિન્દી, અંગ્રેજીમાં પણ એમનાં પુસ્તકો પ્રકાશન પામ્યાં છે.

એ ઋષિ સાહિત્યસર્જકને વંદન.

**— મા સર્વેશ્વરી**

* * *

## કૃતિપરિચય

શ્રી યોગેશ્વરજી રચિત 'પૂજા' એક ગીતસંચયનું ટૂંકું, સચોટ, માર્મિક શીર્ષક જ નથી, સમગ્ર કૃતિનો પરિચય છે. પૂજા પ્રભુ સાથે ભાવસંબંધ બાંધવાનો સેતુ છે. અહીં પૂજા કંકુ-અક્ષત-ચંદન-પુષ્પની નથી, તન-મન-અંતરની આહુતિનું પ્રતીક છે, જે વિવિધ ગીતો સ્વરૂપે પ્રગટ થાય છે.

કહે છે : 'જેમ મોતીમાં સાગરની અગાધતા અને આકાશનાં તેજ ભેગાં ઘૂંટાય છે તેમ ગીતમાં પણ વાણી અને મૌન સંમિલિત હોય છે.' શ્રી યોગેશ્વરજીની શબ્દલીલા પણ ગીતસંગ્રહ પૂરો થતાં સુધીમાં નિઃશબ્દતાને સ્તરે પહોંચી જઈ ગીતસ્વરૂપની સાર્થકતા સિદ્ધ કરે છે.

'પૂજા'ના શ્રીગણેશ પ્રભુપ્રેમની અનન્યતાથી મંડાય છે : 'તમારી જોડી જગતમાં ના', 'અખંડ અનુરાગે વૃત્તિ ઉભરાય', 'કેટકેટલા ગીત ધર્યાં મેં કેટકેટલા ગીત ! અંતરના અંતરતમમાંથી જે પ્રકટ થઈ છે પ્રીત.'

- આ પંક્તિનો પ્રતિઘોષ કવિશ્રીની સમગ્ર ગીતસૃષ્ટિમાં છે;

'તમારા શે વિસરું ઉપકાર
તમારી કૃપાથી પાણીમાં કાગળની નાવ તરે છે
મુજને સ્નેહ સદા કરજો.'

હૃદયમાં અમીટ શ્રદ્ધા છે :

'સંકટ દૂર સંત કરશે, પ્રભુ સદા મંગળ કરશે.'

તેથી ઇપ્સિત માટે ત્યાગ કરવાની તત્પરતા છે :

'ધ્યેયમાં લાગી ગયા બીજું ગણીને ધૂળ'
અપનાવ્યો મારગ ના કોદી મૂકું.

સંકલ્પ છે : 'ગમે તે સંકટથી નહિ ડરવાનો' ને
'જે વિધ રાખે તેમ રહું મનમાં શાંતિ અનંત લહુ.'

અભિજ્ઞા થાય છે :

'તમે ચેતન તમારું મારે રોમરોમ ભર્યું'

તેથી 'પ્રેમપરબને પામી ઝાકળજળમાં કેમ રમું ?'

સાથે નમ્ર અરજ પણ છે :

'પ્રેમીને પીડો ના પ્રભુજી.'

'હવે વિરહ નહીં સહેવાય' એવું સીધું કથન કર્યા પછી;

'અકિંચન પણ ભાવભીનો એક આવ્યો હું'

નિખાલસ નિવેદન પણ સમાંતરે છે :

'નથી પુષ્પો ધૂપ કે નૈવેદ્ય મારી પાસ

ગીત ગાઉં એમ છું ના ગવૈયો યે ખાસ.'

અપૂર્વ આત્મશ્રદ્ધાથી પ્રેમીહૃદય ઉચ્ચારે છે :

'અંધકાર આપત્તિમાંય થાય કદી ન ખલાસ

કરુણ અંતર દર્દમહીંયે ગાશે ભીમપલાસ.'

સંપૂર્ણ સમર્પણ પછી હૃદય પ્રભુને પડકારે છે : 'જો જો બિરદ તમારું લજાયે.'

આમ 'પૂજા'માં પ્રભુ પ્રત્યેનું આત્મનિવેદન અત્યંત સરળ, સહજ, ભાવયુક્ત અનુનય ધારી, અખૂટ આત્મશ્રદ્ધા અને એનાથીયે વિશેષ અનેરી પ્રભુશ્રદ્ધામાં ઝબકોળાઈ, સંવેદનના ક્વચિત્ સ્થૂળ પણ બહુધા સૂક્ષ્મ સ્વરૂપો સિદ્ધ કરતું; શબ્દોનું કલકલ ઝરણું છેવટે નિઃશબ્દતામાં લીન થાય છે, ભાવોદ્રેક હવે શાન્ત થતાં;

'શાંત સંવાદી થઈને તેમ શ્વાસ લઉં

તમારી આરાધનાનો મૂક અર્ઘ્ય થઉં.'

આવો નિર્ણય કરતું હૃદય પ્રેરણા લે છે, પ્રકૃતિ પાસેથી; 'ફૂલ કેવું મૂક ખીલી ધરી જાય સુવાસ.'

શ્રી યોગેશ્વરજી કૃત 'પૂજા'નાં ૭૫ ગીતોમાંથી પસાર થયા પછી આપણને પણ કહેવાનું મન થાય : શ્રી યોગેશ્વરજીની શબ્દપૂજા જેવી જ નિઃશબ્દજ પૂજા, બલ્કે વધારે ગહન, સૂક્ષ્મ, સંપૂર્ણ ! 'કાવ્યમાં છેલ્લો શબ્દ મૌને કહેવાનો હોય છે.' એ કવિશ્રી ઉમાશંકરની વિભાવના અહીં પૂરેપૂરી કલાત્મક રીતે મૂર્ત થાય છે.



**- તરલા દેસાઈ**

## અનુક્રમણિકા


૧. તમને કોઈ કારણે છોડી ના શકીશ
૨. તમારી જોડ જગતમાં ના
૩. મારી લગન નથી મટતી
૪. કેટકેટલાં ગીત ધર્યાં મેં
૫. જીવનમાં સહજ જે આનંદ ને સ્વાદ
૬. જે જે દિવસો ચાલ્યા જાય
૭. રૂપ તમારું અજોડ કેવું
૮. તમારો પ્રેમ નહીં વિસરાય
૯. તમારો શેં વિસરું ઉપકાર ?
૧૦. તમારી હોય કૃપા તો તરે
૧૧. શ્રદ્ધા મરે નહીં મારી
૧૨. જીવન કૃપા વિનાનું જાય
૧૩. તમારી આંખે આંખ મળે
૧૪. મુજને સ્નેહ સદા કરજો
૧૫. પ્રેમ પતન ન કરે કદીયે
૧૬. આત્માની વાતોનો ઘણો ઉથલાવ્યો કોષ
૧૭. તમારું વચન ન ખોટું થાય
૧૮. કોઈ સાચો ત્યાગ કરે
૧૯. વચ્ચેના દિવસો સઘળાયે વહી વેગથી જાય
૨૦. જીવનના ઝંઝાવાતોથી શાને કાજ ડરે
૨૧. પ્રભુમાં શ્રદ્ધા રાખ, સાધક
૨૨. તું ચિંતા કેમ કરે ?
૨૩. આ જગતમાં જન્મ પામી કૈંક પ્રાપ્ત કર્યું
૨૪. આધાર એક મારે સંસારમાં તમારો
૨૫. હિંમત તેમજ ધીરજ ધાર
૨૬. જેણે શરણ તમારું લીધું
૨૭. બંધન તારા તોડ મનવા
૨૮. વરસાવો વરસાદ, કૃપાનો
૨૯. ડુંગર ભલેને કદી દુઃખના પડે
૩૦. તમારું ધાર્યું સઘળું થાય
૩૧. ચિંતા હોય ભલે મોટી
૩૨. આશ્રય તમારો મેં તો આનંદસાથ લીધો
૩૩. અડગ રહો વિશ્વાસ
૩૪. અપનાવ્યો મારગ ના કો'દિ મૂકી દઉં
૩૫. મારા જીવનની દોરી દીધી તારાથી જોડી
૩૬. મારું અંતર આ અનુરાગી
૩૭. અંગ રહે વિચરે જ્યાં ત્યાં છો
૩૮. આંખ કરું કાં બંધ હવે હું
૩૯. હૃદયમાં પ્રેમ જો જાગે
૪૦. કોણ તમારા જેવું
૪૧. તમે કૈંક વિચાર કરો
૪૨. સંબંધ એક બાંધ્યો મેં તો તમારી સાથે
૪૩. જ્ઞાનેશ્વર મહારાજ! તમને વારંવાર પ્રણામ
૪૪. મુસીબત આવે મારા જીવનમાં કો'ક
૪૫. ધુમ્મસ છવાઈ ગયું ઘોર ચારેકોર
૪૬. આપત્તિ અનંત આવે જીવનમાં છો
૪૭. તમે મને જીવનદાન કર્યું
૪૮. ગમે તેવી પરિસ્થિતિ મારી ભલે હો
૪૯. તમારો એક ભરોસો છે
૫૦. મને છોડી દીધો કેમ?
૫૧. તમારી દિવ્ય કૃપા વરસે
૫૨. તમારી દિવ્ય કૃપા જો થાય
૫૩. દુઃખ પડે સંકટ આવે તો રડવાથી શું થાય
૫૪. થોડો વખત કામ છે મોટું
૫૫. તમે કરુણા કૈંક કરો
૫૬. જે વિધ રાખો તેમ રહું !

૫૭. હજી તમે કેમ કરી ન કૃપા ?

૫૮. નાવ ભલે ડોલે

૫૯. કસોટી મારી કેમ કરો ?

૬૦. તમારાં ગીત ઘણાં ગાયાં

૬૧. વિરહ વધુ વાર નહીં સહેવાય

૬૨. નાહિંમત ના થવું કદીયે

૬૩. તમારો એક છે આધાર

૬૪. તમારી થાય કૃપા જો આજ

૬૫. પ્રાર્થના તણો ઉત્તર દો

૬૬. જીવન ધારો તેવું થાય

૬૭. તમારો રાખ્યો છે આધાર

૬૮. બેઠો બે કર જોડી શું !

૬૯. તમે મને છોડશો ના કદી

૭૦. ફૂલ કેવું મૂક ખીલી ધરી જાય સુવાસ

૭૧. નથી પુષ્પો, ધૂપ કે નૈવેદ્ય મારી પાસ

૭૨. માંગુ એક હૃદયનું રાજ

૭૩. મારે પણ હૈયું છે

૭૪. મારી સંભાળ સદા રાખો

૭૫. મુજને ખબર નથી પડતી

* * *

## ૧. તમને કોઈ કારણે છોડી ના શકીશ

તમને કોઈ કારણે છોડી ના શકીશ,
જનમોજનમ સાથ તમારો લભીશ.

હજી છોડવો હોય તો ભલે છોડે સાથ,
પોતાનું માન્યું તે ભલે ભીડે નહીં બાથ;
શંકા કરે, કટુ બોલે, મારે કદી લાત,
સ્નેહીની આંખો જલે છો, પડે છો પ્રપાત. ... તમને.

નિંદા કરે, માન તેમ સ્વાગત ના દે,
ફૂલની માળા કે ફૂલ હાથમાં ના લે;
બદનામી કરે ભલે સ્નેહી છો છોડે,
સ્તુતિ કરનારા ભલે મુખને મોડે. ... તમને.

તમે મારાં પ્રાણ તેમ જીવન થયાં,
જનમોજનમ તેમ રહેશો રહ્યા;
તમારી જ પ્રેરણાનું પાન હું કરીશ,
ગીતોના રૂપમાં વહી તમને મળીશ. ... તમને.

તમારે માટે હું બધું ખોવા છું તૈયાર,
રોવું પડે તો રોવા ને વેઠવા તૈયાર;
એકલા તમે જ મને મળો તો ઘણું,
બીડાયેલું ભાગ્ય મારું ઊઘડ્યું ગણું. ... તમને.

(૫-૭-૧૯૫૭, શુક્રવાર)

* * *

## ૨. તમારી જોડ જગતમાં ના

તમારી જોડ જગતમાં ના,
તમારી ઉપમા એકે ના.

કમળ ચંદ્ર ને ચંદન સાથે થાય નહીં તુલના,
સુંદરતા ને કોમળતાના મૂળ તમે તો હા ! ... તમારી.

સરવર કે સરિતાની સાથે વર્ણન થાયે ના;
રસાળ તેથી ક્યાંય વધારે, ગંગા ક્યાં જમના ! ... તમારી.

તીર્થ જગતનાં લૂખાં લાગે, તીર્થ તમે અદકાં;
મંગલ તેમ વિમળ તમે તો, સૂકાં રૂપ બધાં ... તમારી.

તન મન અર્પણ કર્યાં તમોને, અચરજ એમાં ક્યાં ?
'પાગલ' પ્રાણ બને પ્રેમથકી તમને જોઈ ના ! ... તમારી.

(૨૬-૭-૧૯૫૭, શુક્રવાર)

* * *

## ૩. મારી લગન નથી મટતી

મારી લગન નથી મટતી.

ભાવતણી ભરતી હૈયાની લેશ નથી ઘટતી,
શાંત થતી ઊર્મિ નથી એકે, રોજ રહે બઢતી ... મારી.

મૂર્તિ તમારી મંગલ મધુ ના આંખેથી ખસતી;
રોમરોમમાં મધુર તમારી યાદ સદા વસતી. ... મારી.

વિચાર, ભાવ, તમારા ચાકર; મસ્તી ના મરતી;
કવિતા મારી લેશ ન થાકે કીર્તન કૈં કરતી. ... મારી.

અખંડ અનુરાગે ઉભરાઈ વૃત્તિ બધી વળતી;
'પાગલ' શાંત બનો ના જ્યાંલગ ધ્યેય નથી વરતી. ... મારી.

(૨૭-૭-૧૯૫૭, શનિવાર. દિવાસો)

* * *

## ૪. કેટકેટલાં ગીત ધર્યાં મેં

કેટકેટલાં ગીત ધર્યાં મેં કેટકેટલાં ગીત !

અંતરના અંતરતમમાં જે પ્રકટ થઈ છે પ્રીત
તેના પડછંદાના જેવા ગાઈ નાખ્યાં ગીત ... કેટકેટલાં.

ગંગા જેવી પ્રતિપળ ચાલે, ફૂલ બાગમાં જેવા ફાલે,
ઊડે ફુવારા અનેકરંગી, એવી એની રીત ... કેટકેટલાં.

થાક ન લાગે, ઓટ ન આવે, નવાનવા ભાવોને લાવે;
આરાધના અનેરી ચાલે જીવનકેરી નીત ... કેટકેટલાં.

કેટકેટલી માળા કીધી, ઊર્મિ તેમજ લીધી દીધી,
શાશ્વત ખૂટો ગીત કદી ના, એજ અપાવે જીત ... કેટકેટલાં.

(૨૮-૭-૧૯૫૭, રવિવાર, શ્રાવણ સુદ ૧)

* * *

## ૫. જીવનમાં સહજ જે આનંદ ને સ્વાદ

જીવનમાં સહજ જે આનંદ ને સ્વાદ,
ભોગવજે તેને માની પ્રભુનો પ્રસાદ;
આસક્ત થઈશ નહીં પરંતુ તેમાં,
વિવેકી બનીને રમ રોજ છો એમાં.

તિરસ્કાર સંસારના સુખનો ના હો,
રસને લગાવતો તું ઠોકર ના છો;
અંધ બની કિન્તુ તેમાં ડૂબતો નહીં,
જીવનનું ધ્યેય જોજે ભૂલતો કહીં.

સુધામય સંસારનો સ્વાદ ભલે લે,
પ્રભુની ઝાંખીય કરી જીવનમાં દે.

(૨૯-૭-૧૯૫૭, સોમવાર)

* * *

## ૬. જે જે દિવસો ચાલ્યા જાય

જે જે દિવસો ચાલ્યા જાય,
મિલન આપણું પાસે લાવે, વિરહ કપાતો જાય. ... જે જે દિવસો.

આજકાલમાં વહી જશે સૌ ઓછા પ્રતિપળ થાય;
ફરી મળીશું, અમી ધરીશું, ઉમંગ કેમ ન માય ! ... જે જે દિવસો.

કાયમ માટે હવે મળીશું મટશે દિલની લ્હાય;
અંગાંગ થશે શીતળ પામી સુધાછલેલી છાંય ... જે જે દિવસો.

'પાગલ' તેથી ચિંતા ન કરું, બીજો નથી ઉપાય;
વિરહ સહી લેવો આજે તો, ભલે સુકાયે કાય. ... જે જે દિવસો.

(૩૦-૭-૧૯૫૭, મંગળવાર)

* * *

## ૭. રૂપ તમારું અજોડ કેવું

રૂપ તમારું અજોડ કેવું, જોતાં થાય ઉમંગ,
પ્રાણ પ્રેમથી મસ્ત બને ને ઉછળી પડતાં અંગ,
અમૃતથી આંખો અંજાયે, મળે હૃદયને રંગ,
કેમે કરી ચહે ના આતમ સ્હેજ છોડવા સંગ.

નથી રૂપ જોયું મેં આવું સંસારે કોઈ,
અનન્ય તેમજ અજોડ એને મોહાયો જોઈ;
સુંદરતા ને શુદ્ધ પ્રેમના કેવા ઉઠે તરંગ,
આની પાસે કરી શકે શું અબજો ભલે અનંગ !

'પાગલ' કે' તારક આત્માનું ખરે તમારું અંગ,
ધન્ય થયો છું તમને પામી હે ગૌરવની ગંગ !

(૩૧-૭-૧૯૫૭, બુધવાર)

* * *

## ૮. તમારો પ્રેમ નહીં વિસરાય

તમારો પ્રેમ નહીં વિસરાય.

પ્રત્યેક પળે એના સ્મરણે હૈયું મારું ભરાય;
તમને ત્યાગી મનડું મારું ક્યાંય ન જાય જરાય ... તમારો પ્રેમ.

પવિત્ર દૈવી પ્રેમ હૃદયનો કેવી રીતે મરાય;
પ્રાણ વણાયો તેની સાથે; કીમત કેમ કરાય ! ... તમારો પ્રેમ.

અપાર શાંતિ ધરે અંતરને, દર્દ બધાંય હણાય;
શ્વાસોશ્વાસ થયો છે તે તો, તેનાથી જ ચલાય. ... તમારો પ્રેમ.

'પાગલ' ચાહે છે કે તમને કાયમકાજ પમાય;
વિરહવેદના વધુ વાર હવે મારાથી ન સહાય. ... તમારો પ્રેમ.

(૨-૮-૧૯૫૭, શુક્રવાર)

* * *

## ૯. તમારો શેં વિસરું ઉપકાર ?

તમારો શેં વિસરું ઉપકાર ?

જીવનની યાત્રામાં મુજને મળી ગયો આધાર;
મળ્યો તમારો પ્રાણપ્રદાયક શુદ્ધ સ્નેહનો સાર.
માનું કેમ કરી આભાર ! ... તમારો.

જીવન મારું તમે ચલાવો, કરો કષ્ટથી પાર;
દુઃખદર્દ ને ચિંતા ટાળો, દિવ્ય બની રખવાળ.
માનું કેમ કરી આભાર ! ... તમારો.

પ્રેરણા ધરો, પ્રકાશ આપો, દૂર કરો અંધાર;
એવી પ્રીત થઈ છે એનો ઉજ્જવળ છે અંગાર.
માનું કેમ કરી આભાર ! ... તમારો.

આતમ બંનેના એક થયા, મળ્યા પ્રાણના તાર;
શાશ્વત જીતે જીત ગણો ને હારે મારી હાર.
માનું કેમ કરી આભાર ! ... તમારો.

(૩-૮-૧૯૫૭, શનિવાર)

* * *

## ૧૦. તમારી કૃપા હોય તો તરે

તમારી કૃપા હોય તો તરે પાણીમાં કાગળની નાવ,
સાગર પણ મારગ ધરતાં દે પાર ઉતરવા કેરો લ્હાવ;

કૃપા તમારી શું ના કરતી, અશક્ય કૈં તેને છે ના,
રણમાં વન ને વનમાં રણ છે તેને માટે સહજ અહા !

'પાગલ' પ્રેમી શરણ તમારે પડ્યો લગાવી જીવનદાન,
કૃપા કરો બસ એજ કામના; સ્વીકારો પ્રગટાવી ભાવ.

(૫-૮-૧૯૫૭, સોમવાર)

* * *

## ૧૧. શ્રદ્ધા મરે નહીં મારી

શ્રદ્ધા મરે નહીં મારી !

આશાની એકે દેખાયે ભલે નહીં બારી;
હૈયું તોયે રડે ના કોદી હિંમતને હારી. ... શ્રદ્ધા.

નિષ્ફળતાના વાય વાયરા, ઉરની પણ ક્યારી;
વેદનનાં વાદળ વરસે છો, જાય ન કંટાળી. ... શ્રદ્ધા.

ચિંતા શોકથકી ન હણાયે, બને સખી સારી;
સફળ કરે જીવનની મોંઘી આ યાત્રા મારી. ... શ્રદ્ધા.

જ્યોત અખંડ જલે છો એની, તિમિર બધું ટાળી;
આતુર આતમ એક કરી દે પ્રેમથકી તારી. ... શ્રદ્ધા.

(૬-૮-૧૯૫૭, મંગળવાર)

* * *

## ૧૨. જીવન કૃપા વિનાનું જાય

જીવન કૃપા વિનાનું જાય.

તમારા વિના મોંઘું જીવન મોલ વિનાનું થાય;
તમે મળો તો ઉત્સવ થાયે, હરખ ન મારો માય ... જીવન.

તલસું તેમજ ચાહું તમને કરતાં કૈંક ઉપાય;
તોપણ વિરહતણું અંતર ના કાયમકાજ મપાય. ... જીવન.

તરસે મરે મુસાફર તોપણ કીર્તિ તમારી ગાય;
તમારા વિના તપી રહ્યાને આપો શીતળ છાંય. ... જીવન.

ખરચી ખૂટે નહીં કૃપા ને લુંટી ના જ લુંટાય;
પ્રેમતણું પાણી ઢોળી દો, 'પાગલ' પ્રાણ સુકાય ... જીવન.

(૭-૮-૧૯૫૭, બુધવાર શ્રાવણ સુદ બારસ)

* * *

## ૧૩. તમારી આંખે આંખ મળે

તમારી આંખે આંખ મળે.
અંતર મારું આનંદે ને જીવનહેતુ સરે. ... તમારી.

એજ સાધ જીવનની મારી, મંગલ આંખ મળે;
સાધના તપસ્યા એ માટે, 'પાગલ' પ્રાણ કરે. ... તમારી.

આંખ મળે આંખે એમાંથી બંને હૃદય વરે;
જુગજુગજૂનો વિરહ થયો તે મિલન થતાં જ મરે. ... તમારી.

કાયમકાજે મળી રહે ને ભાવ અનન્ય ભરે;
મુક્તિ સ્વર્ગ ભલે વૈકુંઠ મળે મુજને ન મળે ! ... તમારી.

એજ ઝંખના, એજ લગન છે, સહેજ સમાધિ મળે;
એક જ દૃષ્ટિ તનમન ને અંતરમાં ક્રાન્તિ કરે. ... તમારી.

(૯-૮-૧૯૫૭, શુક્રવાર)

* * *

## ૧૪. મુજને સ્નેહ સદા કરજો

મુજને સ્નેહ સદા કરજો
મારું ધ્યાન ભલે ધરજો.

ભજું તમોને, રટું, તમે પણ રાતદિવસ રટજો;
મુજને મૂકી પલકભર પણ ના ક્યાંય તમે હઠજો. ... મુજને.

રૂપ તમારું મારા ઉરમાં કામણ છો કરજો;
તમારાય મનને રસ મારો કાયમ છો હરજો. ... મુજને.

'પાગલ' પ્રાણ પ્રસાદ ઉભયને નૂતન છો ધરજો;
તાપ થકી સુખમય સાથ ધરી તારીને તરજો. ... મુજને.

(૧૧-૮-૧૯૫૭, રવિવાર)

* * *



## ૧૫. પ્રેમ પતન ન કરે, કદીયે

પ્રેમ પતન ન કરે, કદીયે પ્રેમ પતન ન કરે !

સાચા દિલનો પ્રેમ પુનિત તો મંગલરૂપ ઠરે;
ઉન્નતિ સાધે આતમની ને બંધન સર્વ હરે. ... કદીયે પ્રેમ.

નિર્મળ પ્રભુમય પ્રેમ પરમ કો' સાધન થાય ખરે;
સિદ્ધિ આપે, શાંતિ ધરી દે, જીવનદાન કરે. ... કદીયે પ્રેમ.

સર્વપ્રકારે સુખદાયક તે જેને લેશ વરે;
તેને કમી રહે ના કાંઈ, ઈપ્સિત સર્વ મળે. ... કદીયે પ્રેમ.

પામે તેમ પ્રમાણે માણે ને કિલ્લોલ કરે;
'પાગલ' કોઈ બડભાગી જન સ્હેજે તાપ તરે. ... કદીયે પ્રેમ.

(૧૨-૮-૧૯૫૭, સોમવાર)

* * *

## ૧૬. આત્માની વાતોનો ઘણો ઉથલાવ્યો કોષ

આત્માની વાતોનો ઘણો ઉથલાવ્યો કોષ,
વાતો કરવાથી મળે મને ના સંતોષ.
એકલા આત્માને લઈ હું તે શું કરું,
શરીર વિના કહોને તેને શે વરું !

શરીરને છોડવું ના મુજને ગમે,
પ્રાણ મારો શરીર ને આતમે રમે;
શરીરનો સ્વાદ લઈ મસ્ત બનું હું,
સાથ લભીને તમારો ધન્ય થઉં શું !

સુંદરતાના સંપુટ જેવું લઈ રૂપ,
એટલે જ અનેરું અલૌકિક અનૂપ,
પ્રકટ હો મારી સામે, કામના કરું,
એકતાના આનંદથી ઉરને ભરું,

'પાગલ' બે પ્રાણ મળે શરીરની સાથ,
એક બને આતમ જ્યાં અંગ ભીડે બાથ !

(૧૩-૩-૧૯૫૭, મંગળવાર)

* * *

## ૧૭. તમારું વચન ન ખોટું થાય

તમારું વચન ન ખોટું થાય.

બંધન તૂટે, વિહર ટળે ને મિલનરસે ઉર ન્હાય;
એકત્વ બને બે આતમનું, ફેર પડે ન જરાય. ... તમારું.

સર્વસમર્થ સિદ્ધ છો સાચા, શંકા છે ન જરાય;
જે ધારો તે કરી શકો છો, ગૌરવ એમ ગવાય. ... તમારું.

'પાગલ' પ્રાણ ચહે છે મળવા, આતુરતા ના માય,
વચન તમારું સત્ય કરી દો, કરો સર્વરીત સહાય. ... તમારું.

* * *

## ૧૮. કોઈ સાચો ત્યાગ કરે

કોઈ સાચો ત્યાગ કરે,
તેને ઇપ્સિત વસ્તુ વરે.

અંતરથી એને આરાધે, એનું ધ્યાન ધરે;
પૂજન સેવન એનું એકલ, તેને સ્વર્ગ મળે. ... કોઈ.

એના સ્મરણ મનનથી નિશદિન, મનમાં મસ્તી ભરે;
જપેતપે જે એને માટે, સંકટ સહેજ તરે. ... કોઈ.

રડે હૃદયથી ઝંખે એને અમુલખ વસ્તુ મળે;
'પાગલ' ત્યાગ કરી લે તેવો, ત્રિતાપ તુર્ત તરે. .... કોઈ.

(૧૭-૮-૧૯૫૭, શનિવાર)

* * *



## ૧૯. વચ્ચેના દિવસો સઘળાય વહી વેગથી જાય

વચ્ચેના દિવસો સઘળાયે વહી વેગથી જાય,
કાળ દોટ મૂકે ને અંતે મિલન આપણું થાય.
આંખ મળે આંખે ને વાતો અંતરમાંથી થાય,
થાય એકતા આનંદમહીં અંગાંગ પછી નહાય.

કેટકેટલા દિનના ભાવો ભર્યા ઉમળકા તેમ,
ઠાલવીએ ને ભરી દઈએ બંને 'પાગલ' જેમ;
ઊર્મિની માળા ગૂંથેલી ભલે સમર્પિત થાય,
કાળ ક્યાંય દોડે ને મારું ભાગ્ય બધું પલટાય.

અખંડ રસના ઉડે ફુવારા, મળે શાંતિનો સ્વાદ,
તમારા વિના મનમાં કોઈ રહે અન્ય ના નાદ;
અખંડ વાજાં વાગે તેમજ મંગલ ઉત્સવ થાય,
છૂટાં પડ્યાં હૃદય બે અંતે મળતાવેંત સમાય.

(૨૧-૮-૧૯૫૭, બુધવાર)

* * *

## ૨૦. જીવનના ઝંઝાવાતોથી શાને કાજ ડરે !

જીવનના ઝંઝાવાતોથી શાને કાજ ડરે,
સંકટ તેમજ મુસીબતોમાં શાને કાજ મરે;
સંતતણું શરણું લે તારાં સંકટ દૂર કરે,
જીવન શાંત કરી દે તેમજ પરમાનંદ ધરે.

દુઃખ દર્દ ચિંતાથી સાધક, શાને કહે રડે,
નિરાશ થાયે નિષ્ફળતા ને અશ્રુ આહ વડે ?
સંતતણું શરણું લે તારા સંકટ દૂર કરે,
સલામતી ને સાફલ્યથકી જીવન પૂર્ણ ભરે.

પ્રલોભનોથી પાર કરીને કરશે ધન્ય તને,
કૃપા કરીને જશે નિરંતર દોરી ધ્યેય કને;
પ્રભુસ્વરૂપ ગણીને તેની સાથે પ્રેમ કરે,
'પાગલ' બન તો સત્વર તારા ક્લેશ સમસ્ત હરે.

(૨૨-૮-૧૯૫૭, ગુરુવાર)

* * *

## ૨૧. પ્રભુમાં શ્રદ્ધા રાખ, સાધક

પ્રભુમાં શ્રદ્ધા રાખ, સાધક,
પ્રભુમાં શ્રદ્ધા રાખ.

જે કરશે તે મંગલ કરશે, મુખથી એવું ભાખ;
અંતરમાં ઉત્સાહ અડગતા, વદને સ્મિતને રાખ. ... સાધક.

કાયરતાને પ્રમાદ છોડી કર્મતણા ફલ ચાખ;
દુઃખદર્દ નિંદા નિષ્ફળતા તરફ નજર ના નાખ. ... સાધક.

ધ્યેય પુનિત હો, મલિન ભાવ ને વિચારને કર ખાખ;
ચોળી દે તન તેમજ મનમાં દિવ્ય પ્રેમની રાખ. ... સાધક.

છોડ નિસાસા નાહિંમત ને ધૈર્ય પરાક્રમ દાખ;
સફળ કરી લેશે જીવન તો સાધક કૈં છે શાખ. ... સાધક.

(૨૪-૮-૧૯૫૭, શનિવાર)

* * *

## ૨૨. તું ચિંતા કેમ કરે ?

તું ચિંતા કેમ કરે ?
જે થાયે તે સારા માટે એવું માન ખરે ... તું.

કરુણાળુ પ્રભુ, તારા પર ના કો'દી કેર કરે,
સંકટમાં નાખે ના ભાઈ, શોકે કેમ મરે ? ... તું.

શરણ ગ્રહ્યું છે પરમાત્માનું, અશ્રુ કેમ ભરે ?
મંગલ કરશે તારું તે તો, શ્રદ્ધા કેમ ટળે ? ... તું.

સંકટમાં દર્દે એકલતા જ્યારે બંધુ, મળે;
ત્યારે પણ તે સાથી તારો, રક્ષા રોજ કરે ... તું.

ઈચ્છા મુજબ થાય સૌ એની, 'પાગલ' જાણ ખરે,
કોઈ કાળે ત્યાગ ન તેને, તો તો સહજ તરે ... તું.

(૨૭-૮-૧૯૫૭, મંગળવાર)

* * *

## ૨૩. આ જગતમાં જન્મ પામી કૈંક પ્રાપ્ત કર્યું

આ જગતમાં જન્મ પામી કૈંક પ્રાપ્ત કર્યું,
મહત્તાના માર્ગ પર જેણે પ્રયાણ કર્યું;
શિખર પર સિદ્ધિતણા જે થઈને આરૂઢ,
ખજાનો પામી ગયા જીવનમહીં ને ગૂઢ,

તે બધા શ્રદ્ધા તણા ઉત્સાહથી ભરપૂર,
મઢેલા આશાથકી કર્તવ્યમાં ચકચૂર,
હતા ધીરજ ત્યાગ હિંમતથી ભરેલા શૂર,
ધ્યેયમાં લાગી ગયા બીજું ગણીને ધૂળ.

મહત્તાનો માર્ગ મુશ્કેલી ભરેલો છો,
કાંકરા કંટકથકી તેમજ મઢેલો હો,
વિપત્તિના વાદળાં ગરજી રહેલાં હો,
છતાં સિદ્ધિના શિખર પર હોય ચઢવું તો,

ઢાલ ધીરજની લઈ તલવાર ત્યાગતણી,
થઈ ‘પાગલ’ યુદ્ધ કર વિશ્વાસ પ્રાણ વણી.

(૨૮-૮-૧૯૫૭, બુધવાર)

* * *

## ૨૪. આધાર એક મારે સંસારમાં તમારો

આધાર એક મારે સંસારમાં તમારો.

માતાપિતા કુટુંબી સંસાર હોય સારો,
વૈભવ વિલાસ કીર્તિ વિદ્યાતણો ઝગારો;
નીરસ બધું – તમે તો છો પ્રાણ એક મારો;
આધાર એક મારે સંસારમાં તમારો.

જીવું તમારે માટે, યાદી કરું તમારી,
તમને ભજું સ્તવું ને યારી કરું તમારી;
જીવનતણા સુકાની, પ્રેરક બનીને પાળો;
આધાર એક મારે સંસારમાં તમારો.

કોને કહોને સેવું, દિલથી ચહુંય કોને,
સિદ્ધો સમગ્ર દેવો દેખાય દિવ્ય છોને,
કોઈ તમારા જેવું દૈવી નથી, વિચારો;
આધાર એક મારે સંસારમાં તમારો.

કેવી કરો છો રક્ષા, સંભાળ લો છો મારી,
છોડો પળે મને ના, એવી કરી છે યારી,
પ્રેમીને કાજ જીવન આખું તમે તો હારો,
આધાર એક મારે સંસારમાં તમારો.

પામી તમોને મારો આતમ કૃતાર્થ છે આ,
માણી કૃપા તમારી જીવન રસાળ છે હા !
'પાગલ' થઈ તમારો પામી ગયો કિનારો,
આધાર એક મારે સંસારમાં તમારો.

(૨૯-૮-૧૯૫૭, ગુરૂવાર)

* * *

## ૨૫. હિંમત તેમજ ધીરજ ધાર

હિંમત તેમજ ધીરજ ધાર.

સાધકવીર, કરી મન મક્કમ નિર્બળતાને ટાળ;
ભય ને ચિંતા શોક તજી દે તેમ નિરાશા માર. ... હિંમત.

કંટકથી ગભરાયે શાને, ગુલાબ તેનો સાર;
વૃષ્ટિને હો મેળવવી તો વાદળથી કર પ્યાર. ... હિંમત.

મારગમાં છો મોજાં આવે, નાવિક થાયે પાર;
સામી છાતીએ ઘા ઝીલે રણમાં વીર અપાર. ... હિંમત.

ચંચળતાને છોડી હૈયે ધ્યેય વિજયનું ધાર;
અસંખ્ય અવમાને આજે તે કાલ કરે સત્કાર. ... હિંમત.

(૧-૯-૧૯૫૭, રવિવાર. ભાદરવા સુદ ૮)

* * *

## ૨૬. જેણે શરણ તમારું લીધું

જેણે શરણ તમારું લીધું તેને શોકતણું શું કામ,
આઠે પહોર આનંદ કરે તે તો આત્મારામ.
જેણે પ્રેમપાન છે કીધું, તેને ડરવાનું શું કામ;
નિર્ભય બનતાં વિચારે તે તો કરી જન્મ કૃતકામ ... જેણે શરણ.

જેણે કૃપા તમારી ચાખી, તે હારે શાને હામ;
નિષ્ફળતા કે મળે નિરાશા તો પણ તેનું કામ
કર્યા કરે તે શ્રદ્ધા રાખી ધારી ધૈર્ય તમામ ... જેણે શરણ.

શિર પર હો હસ્ત તમારો, તો સફળ થાય જનમારો;
છાયા પામે તે મહાસુખ પામે, અંતરનો આરામ;
'પાગલ' જે થયો તમારો, પામ્યો તે ઉત્તમ દામ;
જીવનને ડગલેપગલે તેને રક્ષા, પાઓ જામ ... જેણે શરણ.

(૫-૯-૧૯૫૭, ગુરૂવાર)

* * *

## ૨૭. બંધન તારા તોડ મનવા

બંધન તારાં તોડ મનવા, બંધન તારા તોડ.

મનના તાર બધા એક કરી વૃત્તિ પ્રભુમાં જોડ;
પ્રકટે છે તે અનહદ સાંભળ દિવ્ય સદાય સરોદ. ... બંધન.

મલિન વિચાર, ભાવ ને ભાષા ને તજ કર્મ કરોડ;
જાગ્રત થા જો ભક્તિરસનું પ્રકટ્યું નવું પરોઢ. ... બંધન.

રૂપાળા સુંવાળા ટળિયા છોડી છોડ પ્રમોદ;
અમૃતરસના ઉડે ફુવારા કરતા અંગમરોડ. ... બંધન.

મુક્તિનું મંગલ સુખ પામી દળદર તારું ફોડ;
સુધાસભર સારા જીવનની મૂક ભલેને હોડ. ... બંધન.

(૭-૯-૧૯૫૭, શનિવાર)

* * *

## ૨૮. વરસાવો વરસાદ, કૃપાનો

વરસાવો વરસાદ, કૃપાનો વરસાવો વરસાદ
ચાહે સકળ સમાજ, કૃપાનો વરસાવો વરસાદ.

માની મને તમારો સ્નેહી સંબંધ કરો ગાઢ;
કરોડ કરુણાઝરણ વહાવો કરતાં કલકલ નાદ. ... કૃપાનો.

તૃષ્ણા ટળે, મટે ચિંતા ને વિરમે વાદવિવાદ;
એવું એક કરી દો મનને નિત્ય તમારે પાદ. ... કૃપાનો.

કમી નથી લવલેશ તમારે, કરજો પ્રેમ અગાઢ;
'પાગલ' તનમનમાં છો આવે કૃતાર્થતાની બાઢ. ... કૃપાનો.

(૧૨-૯-૧૯૫૭, ગુરૂવાર. ભાદરવા વદ ૩, દેવપ્રયાગ)

* * *



## ૨૯. ડુંગર ભલેને કદી દુઃખના પડે

ડુંગર ભલેને કદી દુઃખના પડે,
અંતર મૂંગું બનીને રોજે ને રડે;
વેદનાની વરસે છો જીવનમાં ધાર,
તોય મારી કરમાયે શ્રદ્ધાની ના માળ.
સહન કરી શકું હું શાંતિથી તેને,
સાથ છોડું તમારો ના કો'દીયે કેમે.

વિપત્તિનો વરસાદ ચારે પાસે હો,
વિઘ્નતણાં વાદળાંયે ઘુમ્યા કરે છો;
ચપલા ચિંતાની ભલે ચમક્યા કરે,
ભય લાગે લેશ નહીં, આશા ના ટળે.
સ્મિત કરી સહી લઉં શાંતિથી એને,
સાથ છોડું તમારો ના કો'દીયે કેમે.

ગોઠવેલી બાજી ભલે બગડીયે જાય,
પ્રતિકૂળતાની અનુકૂળતા ના થાય;
લોક કરે નિંદા તેમ સ્નેહી ઉપહાસ,
ભાવનાનું ભાથું તોય થાય ના ખલાસ.
સહન કરી શકું હું શાંતિથી તેને,
સાથ છોડું તમારો ના કો'દીયે કેમે.

તમારો હેતાળ હાથ શરીરે ફરે,
સુધામયી શીળી સોડ સદાયે મળે;
પરવા નથી પછી તો જીવનમાં કૈં,
કાપી નાખું મારગ આ મહારથી થૈ.
તમે જેને હૈયું ધરો કમી શી તેને ?
સાથ છોડું તમારો ના કો'દીયે કેમે.

(૧૮-૯-૧૯૫૭, બુધવાર)

* * *

## ૩૦. તમારું ધાર્યું સઘળું થાય

તમારું ધાર્યું સઘળું થાય.
'પાગલ' પ્રેમી બહુ બહુ અનુભવ અંતે એવું ગાય ... તમારું.

યોજના ઘડેલી માનવની ક્યાંયે ઊડી જાય,
અમલી બને તમારી ઇચ્છા, થાય બધું નિરુપાય ... તમારું.

કર્મ પ્રમાણે ફળને આપો, શાસ્ત્રોમાં કહેવાય;
આધાર તમારો લે તેને કરતા સર્વ સહાય ... તમારું.

મંગલ માટે કરો બધુંયે, ફેર પડે ન જરાય;
સમજે કે ના સમજે માનવ, સમજ્યે એમ તરાય ... તમારું.

અહંકાર ઓગાળી તેથી પડું નિરંતર પાય;
મનડું સ્તવે, રટે, ધ્યાન ધરે, આરાધે ને ગાય ... તમારું.

(૧૯-૯-૧૯૫૭, ગુરૂવાર)

* * *

## ૩૧. ચિંતા હોય ભલે મોટી

ચિંતા હોય ભલે મોટી
પ્રભુની કૃપા ઘણી મોટી એ વાત નથી ખોટી ... ચિંતા.

વિશ્વાસ કરી શરણ લઈ લે, મનડું દે જોડી;
દૂર કરી દેશે સંકટ ને ક્લેશ ભલે કોટી ... ચિંતા.

મરજીવા મહાસાગરમાંથી મોતી લે ગોતી;
તારી તેને તેમજ શાને આંખ નથી જોતી ? ... ચિંતા.

ડરપોક બની કે કાયર થૈ, આંખ લઈ રોતી,
રણમાંથી ના હઠ, પામી લે એ અવિચળ જ્યોતિ. ... ચિંતા.

ભ્રમણા છોડી, ભીતિ ત્યાગી, હંકારી હોડી,
'પાગલ' પ્રીત કરી લે એવી, મેળવશે મોતી ... ચિંતા.

(૨૬-૯-૧૯૫૭, ગુરૂવાર આસો સુદી ૩)

* * *

## ૩૨. આશ્રય તમારો મેં તો આનંદ સાથ લીધો

આશ્રય તમારો મેં તો આનંદ સાથ લીધો,
ને પ્રેમ પાળવાનો છે કોલ દિવ્ય દીધો;
વિશ્વાસ પૂર્ણ મુજને તે દિનથકી થયો શો !
જીવન સદાય મારું સંભાળશો તમે તો.

ચિંતા નથી હવે કૈં ને ભીતિયે ટળી છે,
સંતાપ છે શમ્યા સૌ દારિદ્રયતા મરી છે;
આનંદ આંગણામાં દિનરાત આ થયો હો !
જીવન સદાય મારું સંભાળશો તમે તો.

એ વાતમાં જ કેવી છે શાંતિ, તેમ કેવા
સંતોષની છે જમના ગંગા પવિત્ર રેવા !
મારાસમો મહીમાં સાચે કૃતાર્થ છે કો' ?
જીવન સદાય મારું સંભાળશો તમે તો.

રક્ષા કરી સદાયે ને ભાવથી ભરીને,
હોડી કિનારે લેશો તોફાનને તરીને;
શાશ્વત તમારી સાથે ઉત્સવ, મહા મને તો,
જીવન સદાય મારું સંભાળશો તમે તો.

(૨૮-૯-૧૯૫૭, શનિવાર)

* * *

## ૩૩. અડગ રહો વિશ્વાસ મારો

અડગ રહો વિશ્વાસ, મારો અડગ રહો વિશ્વાસ.

અંધકાર આપત્તિમાંયે થાવ કદી ન ખલાસ,
કરુણ અંતર દર્દમહીંયે ગાઓ ભીમપલાસ ! ... અડગ.

પર્વત આવે ભેખડ ભારે, આપો તોય ઉજાસ;
મુસીબતોમાંયે મસ્ત કરો મનને ભરી હુલાસ. ... અડગ.

દુઃખોથી ના ડગો, મરો ના મોત ભલે હો પાસ;
ધીરજ હિંમત સ્થાપો હૈયે શાંતિ શ્વાસોશ્વાસ. ... અડગ.

બનો પ્રેરણા ને બળ જીવન, હો અખંડ અવિનાશ;
પ્રેમળ પ્રાણ મદદથી એના કરો સમીપે વાસ. ... અડગ.

(૩૦-૯-૧૯૫૭, સોમવાર)

* * *

## ૩૪. અપનાવ્યો મારગ ના કોદી મૂકી દઉં !

નિંદા તેમ ટીકા ભલે લોકોની મળે,
ઉપહાસે અજ્ઞાની છો બેચાર કરે;
કાદવ ઉછાળે તોય નિરાશ ના થઉં,
અપનાવ્યો મારગ ના કોદી મૂકી દઉં !

સંકટ ને વેદના તો આવવાનાં સ્હેજ,
જાણું છું ના રોજ મળે સુમનની સેજ;
પીડા અપયશથકી કંટાળી ના જઉં,
અપનાવ્યો મારગ ના કોદી મૂકી દઉં !

સ્તુતિગીત ગાય નહીં સ્વાગત કરે,
અંતરના ભેદુ ભલે કોઈ ના મળે;
એકાકી ને રંક તોયે મ્લાન ના જ થઉં,
અપનાવ્યો મારગ ના કોદી મૂકી દઉં !

માને કોઈ કે ના માને પરવા નથી,
દુન્યવી લાભોની મારે ગણના નથી;
મંગલને માર્ગે સદા આગળ હું જઉં,
અપનાવ્યો મારગ ના કોદી મૂકી દઉં !

તમારો હેતાળ હાથ મારે શિર છે,
પછી શાની ચિંતા, ભય શોક પીડા કે ?
આહલાદે આગે ને આગે બઢતો જઉં,
સર્વકાળ સર્વસ્થળે હસતો રહું;
આદર્શની સિદ્ધિ સુધી હતાશ ના થઉં,
અપનાવ્યો મારગ ના કોદી મૂકી દઉં !

(૪-૧૦-૧૯૫૭, શુક્રવાર)

* * *

## ૩૫. મારા જીવનની દોરી દીધી તારાથી જોડી

મારા જીવનની દોરી દીધી તારાથી જોડી.

મમતા ને આસક્તિ સઘળી, જો કે રમત ઘણીયે અઘરી,
તુજમાં એક કરી છે પ્રીત, પ્રીતિ બીજી છે છોડી. ... મારા જીવનની.

પંખી માળામાં જ્યમ જાયે, સાગરમાં જ તરંગ સમાયે;
વૃત્તિ મનની તેમ બધી મળતી તારામાં દોડી. ... મારા જીવનની.

ચિંતા હવે સતાવે શાને, સંકટ ખેંચે મારું ધ્યાને,
ક્લેશ શમ્યા સઘળાય હવે, બેડી બંધનની તોડી. ... મારા જીવનની.

સોંપ્યું સુકાન તુજને જ્યારે ભય કે શોક પછી ક્યાં મારે,
સઘળું સાથ સલામત તારે, તરશે ક્ષેમકુશળ હોડી. ... મારા જીવનની.

ગર્જે ઘોર તરંગો છોને, સુસવાટા વાયુના જોને;
ભેખડ ભલે ભયંકર તોયે શ્રદ્ધા ડગશે ના કોદી. ... મારા જીવનની.

જેને સ્નેહ થયો તુજ સાથે તે તો જીતે જીવનવાટે;
'પાગલ' સાથ તમારો આપી દળદર દેજો સૌ ફોડી. ... મારા જીવનની.

(૩૧-૧૦-૧૯૫૭, ગુરૂવાર)

* * *

## ૩૬. મારું અંતર આ અનુરાગી

મારું અંતર આ અનુરાગી.

અનુરાગ તમારો છે એમાં દૈવી વીણા વાગી,
ઘટઘટમાં શો શબ્દ સોહાયે, જીવન છે સોહાગી ... મારું.

મથુરાકાશી શાને જાઉં, મળ્યાં તમે અવિનાશી;
રોમરોમમાં તીરથ મારે, એવી પ્રીતિ જાગી ... મારું.

પ્રાણાયામ ખેચરી સાધન ભ્રમણા બીજી ત્યાગી,
અખંડ અમૃતધારા મુજને હાથ મિલનમાં લાગી. ... મારું.

'પાગલ' પ્રાણ નિરંતર કરતો આસક્તિ વણમાગી;
તન મન ને અંતર પલટાયા, મિલ્કત અન્ય ન માગી મારું.

(૩-૧૧-૧૯૫૭, રવિવાર)

* * *

## ૩૭. અંગ રહે વિચરે જ્યાં ત્યાં છો

અંગ રહે વિચરે જ્યાં ત્યાં છો,
આતમ લીન તમારામાં હો !

પંખી વ્યોમ વિહાર કરે જે, માળાને વિસરે ન કદી તે;
રાખી ધ્રુવતારક જ નિશાની નાવિક ચાલે નાવ લઈને,
તેમ સફર કરતું જીવન છો; આતમ લીન તમારામાં હો. ... અંગ રહે.

વીંધી કંટક ને પત્થરને, પાર કરી જંગલ ને રણને;
સરિતા જે અભિસારે નીકળી, શાંત બને પામી પ્રીતમને,
તેમ મારા સંકટ વેદન છો, આતમ લીન તમારામાં હો. ... અંગ રહે.

દીપક જલે પ્રકાશ ધરે છે, સાગર તપી અમી વરસે છે;
'પાગલ' પ્રાણ તમારે માટે તેમ બની મેં શિરને સાટે,
તેજ ધરે અમૃત આપે છો, આતમ લીન તમારામાં હો. ... અંગ રહે.

(૧૪-૧૧-૧૯૫૭, ગુરૂવાર)

* * *

## ૩૮. આંખ કરું કાં બંધ હવે હું ?

આંખ કરું કાં બંધ હવે હું ?

મધુમય મંગલ રૂપ તમારું જોઈ જોઈ નિશદિન નાચું;
આંખ મળ્યે આંખલડીમાં એ સમાધિસુખ સાંપડતું સાચું. ... આંખ કરું.

હૈયે હૈયુ મિલાવો ત્યારે સ્વર્ગમોક્ષ નીરસ થઈ જાયે;
એ અનુરાગ તેમ એકતા, ત્રાટક ને ધ્યાને શું રાચું ! ... આંખ કરું.

વહાલમહીં વૈકુંઠ અમારે, તીરથ તનમાં તેમ તમારે,
વ્યર્થ ભમું તીર્થોમાં શાને, વાણીમાંહે વેદ જ વાંચું. ... આંખ કરું.

પૂર્વજન્મની પ્રીત પ્રમાણે પ્રાણ મળ્યા બંનેના ત્યારે,
સિદ્ધિને બીજી શું કરવી, જનમોજનમ તમોને જાચું. .. આંખ કરું.

માતપિતા માને છે કોઈ સ્વામી તેમ સખાયે સોઈ;
પ્રિયતમા બની મળ્યાં મને તો, સાધન બીજું લાગે કાચું. ... આંખ કરું.

નિશદિન નેહ તમારો પામું, બધે નિહાળી તમને નાચું;
પવિત્ર પ્રેમપરબને પામી ઝાકળજળમાં કેમ હું રાચું ! ... આંખ કરું.

(૧૫-૧૧-૧૯૫૭, શુક્રવાર)

* * *

## ૩૯. હૃદયમાં પ્રેમ જો જાગે

હૃદયમાં પ્રેમ જો જાગે.
વહાલની ભરતી ભરેલી વેણુ શી વાગે ! ... હૃદયમાં.

અંગમાંથી આંખમાંથી એક અનુરાગે,
ફુવારા ઊડે હરખના, શોક ભય ભાગે. ... હૃદયમાં.

રાજ્ય ને વૈભવ જગતના સ્વલ્પ સૌ લાગે;
અન્ય મુક્તિ સ્વર્ગસુખ ના મન પછી માગે. ... હૃદયમાં.

સાધના કૈંયે રહે ના, વાસના ત્યાગે;
જિંદગી સોહાય દૈવી મંગલ સુહાગે. ... હૃદયમાં.

ભલે જાગે તેમ વાધે, ઉર ભરે રાગે;
પ્રાણ ‘પાગલ’ના તમારું ફૂલ હો બાગે ! ... હૃદયમાં.

(૨૦-૧૧-૧૯૫૭, બુધવાર)

* * *

## ૪૦. કોણ તમારા જેવું

કોણ તમારા જેવું !
પતિતપાવન ને મનભાવન કોણ મંગલ એવું ! ... કોણ.

સર્વસમર્થ સ્વતંત્ર તમે તો, અંતર કોમળ કેવું;
પ્રેમપરાગે પ્રાણ પ્રફુલ્લિત, મનડુ મધુરતા જેવું ! ... કોણ.

આંખમહીં વૈકુંઠ વસે છે, તીરથ તનમાં સેવું;
સ્વર્ગ તમારા સહવાસમહીં, રુચે હૃદયમાં રે'વું ... કોણ.

શરણાગત પ્રતિપાલક તારક કોઈયે ના એવું;
'પાગલ' પ્રેમ કરીને તમને દિલડુ કેમ ન દેવું ! ... કોણ.

(૨૮-૧૧-૧૯૫૭, ગુરૂવાર)



* * *

## ૪૧. તમે તો કૈંક વિચાર કરો

તમે તો કૈંક વિચાર કરો !

કાળજુ કોમળ કુસુમથકીયે વિરહ વળી કપરો;
કેમ કરીને સહી શકાયે, લેશ વિચાર કરો ... તમે તો.

નાનું દિલ પણ પ્રેમ પ્રબળ છે, આપું ખ્યાલ ખરો;
માયાનો મહેરામણ ઉછળે નેહભરેલ નરો ! ... તમે તો.

રોમરોમમાં રાગ તમારો, શ્વાસે સ્નેહ ભર્યો;
આશ અનંત ભરી અંતરમાં, રૂપે પ્રાણ ઠર્યો ... તમે તો.

તમારા વિના સંસાર ખરે સૂનો છે સઘળો;
'પાગલ'ની પીડા પ્રાણતણી પ્રકટી દરદ હરો ... તમે તો.

(૨૯-૧૧-૧૯૫૭, શુક્રવાર)

* * *

## ૪૨. સંબંધ એક બાંધ્યો મેં તો તમારી સાથે

સંબંધ એક બાંધ્યો મેં તો તમારી સાથે.
નિર્ભય બનીને આપ્યો છે હાથ તેમ હાથે.

ભાવોતણા ફુવારા જે રોમરોમ ફૂટે,
ને આંખથી તમારું સંગીત રોજ છૂટે;
તેથી તમારી પૂજા કીધી પ્રસન્નતાથી,
બીજી કશીય મારે છે ધન્યતા ન આથી.

મનડુ સદા તમારા રૂપે રમે ફરે છે,
વાણી સ્તવે તમોને દિલ એક થૈ મળે છે;
આનંદ આંગણે શો આઠે પહોર મારે,
ને શાંતિનો વરસતો વરસાદ કોટિ ધારે.

વરસો કૃપા સદાયે ને સ્થાન અંતરે દો,
મદદે હંમેશ રે'જો, સુખદુઃખ કૈં ભલે હો;
'પાગલ' તમારે માટે આ પ્રાણ જે થયો છે,
ભંડાર તે જ મારો, તમને વળી મળ્યો છે.

(૫-૧૨-૧૯૫૭, ગુરૂવાર)

* * *

## ૪૩. જ્ઞાનેશ્વર મહારાજ, તમને વારંવાર પ્રણામ !

જ્ઞાનેશ્વર મહારાજ, તમને વારંવાર પ્રણામ !

સિદ્ધ યતીન્દ્ર સંતમુનિ સેવે માને દેવો તેમ,
માનવની તો ભાવભક્તિ ના ચરણે હોયે કેમ;
અમર તપસ્વી હે મુક્તાત્મા બહુરૂપી બહુનામ !
જ્ઞાનેશ્વર મહારાજ, તમને વારંવાર પ્રણામ !

આજ તમારે મંદિર આવ્યો, અતિથિ બનતાં હું,
અકિંચન છતાં અનુરાગભર્યો, ભાવભરેલો છું;
સત્કાર તમે કરો સ્નેહથી રાખી હૈયે હામ;
જ્ઞાનેશ્વર મહારાજ, તમને વારંવાર પ્રણામ !

નથી તમારા જેવા કોઈ આ જગમાં યોગી,
અખંડ યૌવનવાન વળી છો સિદ્ધિના ભોગી;
કર્યા તમે તો કૈંક જગતમાં અચરજ જેવા કામ;
જ્ઞાનેશ્વર મહારાજ, તમને વારંવાર પ્રણામ !

અવગુણસાગર તોયે આપું અંજલિ હું : પ્રેમે,
રાગ હૃદયનો કહી શકું ના શબ્દોમાં કેમે;
મનોરથ બધા પૂર્ણ કરી દો કાપી ક્લેશ તમામ,
જ્ઞાનેશ્વર મહારાજ, તમને વારંવાર પ્રણામ !

અરજ સુણી લો 'પાગલ'ની ને પૂર્ણ કરી દો આશ,
અશક્ય નથી કશુંય તમોને હે અખંડ અવિનાશ;
કૃપાસુધા ઢાળી દો સૌ પર યોગી હે કૃતકામ,
જ્ઞાનેશ્વર મહારાજ, તમને વારંવાર પ્રણામ !

(૮-૧૨-૧૯૫૭, રવિવાર. માગશર વદ ૧, આલંદી)

* * *

## ૪૪. મુસીબત આવે મારા જીવનમાં કોક

મુસીબત આવે મારા જીવનમાં કો'ક,
આંસુ સારી બેસી રહું ત્યારે નહીં ફોક;
શોકિત થઈને ત્યારે મ્લાન ના બનું,
જીવનનો રસ વળી લુપ્ત ના ગણું.

ચિંતા વધે તેમ જ્યારે માર્ગ ના મળે,
વિલાપ ઘડી બે ઘડી અંતર કરે;
નિરાશ થઈને ત્યારે બેસી ના રહું,
કાયર હતાશ જેવી વાણી ના કહું.

યાત્રા ભલે જીવનની એકલી જ હો,
હિંમત ને સાંત્વન ના ભલે ધરે કો';
અડગ બનીને તોયે પંથ કાપું હું,
હસતો રહીને સદા આગે જ બઢું.

સંકટ આવે ભલેને શરણ લઉં,
હરદમ હર સ્થળ તમારો જ થઉં.
કામના કૃપાની કરું તમારી હું નિત,
તમારી આશિષ પામી પામી રહું જીત.

'પાગલ' થઈ તમારા પ્રેમમહીં હું,
તમારો બની રહું તો કષ્ટ કરે શું ?

(૩૧-૧-૧૯૫૮, શુક્રવાર)

* * *

## ૪૫. ધુમ્મસ છવાઈ ગયું ઘોર ચારેકોર

ધુમ્મસ છવાઈ ગયું ઘોર ચારેકોર,
વાદળનો થઈ રહ્યો કેવો વળી શોર !
ઊપર નીચે ને બધે વ્યાપ્યો અંધકાર,
રવિતણું રશ્મિ કરે કેમ કરી પાર !
કૃપા કરો, ચમત્કાર કૈંક જો કરો,
તો જ ટળે અંધારું આ, કૃપા જો કરો !

અંધારી આ રાત બધે વ્યાપી છે રહી,
દિવસનું તેમાં નથી ઠેકાણું કહીં;
સૂઝે નહીં પંથ તેમાં પ્રવાસ શે થાય,
આગે બઢવાનો મળે એકે ના ઉપાય.
કૃપા કરો, ચમત્કાર કૈંક જો કરો,
તો જ મળે માર્ગ મને, કૃપા જો કરો !

તમારી કૃપામાં મને શ્રદ્ધા છે અખૂટ,
ભંડાર તમારો વળી ભર્યો લખલૂટ;
ચિંતા તેથી દુઃખદર્દ સતાવે ના કૈં,
ભીતિ તેમ મુસીબત નાસી બધી ગૈ.
કૃપા કરો ને ચાહો તે સઘળું કરો,
'પાગલ' પ્રેમીને માટે સર્વસ્વ ધરો.

(૫-૨-૧૯૫૮, બુધવાર)

* * *

## ૪૬. આપત્તિ અનંત આવે જીવનમાં છો

આપત્તિ અનંત આવે જીવનમાં છો,
વાયરા વહેતા નિત વેદનાના હો;
તમારી કૃપા છે પછી પરવા નથી,
નિરાશ થવાનું કોઈ કારણ નથી !

નિંદા ને ટીકાનું મળે હલાહલ છો,
સ્વાગતના શબ્દ કહે સ્નેહી નહીં કો;
તમારી છે અમીદૃષ્ટિ – તમા નથી કૈં,
મિલ્કત મને તો માનું મોટી મળી ગૈ.

એકાકી સફર ભલે કરવી પડે,
આગે બઢું શ્રદ્ધા જોમ હિંમત વડે;
તમારા હૈયામાં મારું સ્થાને છે થયું,
રાજ મળ્યું પ્રેમામૃત તમારું મળ્યું !

કસોટી આવે તે ભલે ભગીરથ હો,
ચિંતા શી છે, તમે મારી પડખમાં છો;
'પાગલ' છો મારે માટે, હું તમારે કાજ,
તમારી પાસે છે મારી સલામત લાજ.

(૧૪-૨-૧૯૫૮, શુક્રવાર)

* * *

## ૪૭. તમે મને જીવનદાન કર્યું

તમે મને જીવનદાન કર્યું.
તમે મને અમૃતપાન ધર્યું.

જીવનના વનમાં ફરવાનું ખૂબ હતું કપરું,
સાથ તમે આપીને તેમાં કષ્ટ હર્યું સઘળું. ... તમે મને.

ભવોભવતણું દળદર મારું તેમજ તિમિર ટળ્યું;
શીતળ સોડ તમારી પામી કિસ્મત છેક ફર્યું. ... તમે મને.

કહી શકાયે કેમ કરીને કેવું જાદુ કર્યું,
ચેતન તમે તમારું મારે રોમરોમ ભર્યું. ... તમે મને.

ધન્ય હતો એ દિન કે જ્યારે હૈયે હૈયું મળ્યું;
લેશ પ્રેમને જોતાં જ તમે નિજ સર્વસ્વ ધર્યું. ... તમે મને.

બદલો વાળું કેમ કરીને, ઋણ વળી વિસરું ?
'પાગલ' વર્યો તમોને તેમજ જન્મોજન્મ વરું. ... તમે મને.

(૨૩-૨-૧૯૫૮, રવિવાર)

* * *

## ૪૮. ગમે તેવી પરિસ્થિતિ મારી ભલે હો

તમે તેવી પરિસ્થિતિ મારી ભલે હો,
જ્વલંત રહેશે મારી પ્રેમજ્યોતિ તો,

ધીરજ ને શ્રદ્ધા કદી ડગશે નહીં,
ઉદાસ થઈને નહીં બેસીશ કહીં.

'પાગલ' સદા તમારા પ્રેમમાં થઈ,
જીવી રહું આશીર્વાદ એજ દો દઈ.

(૧૮-૩-૧૯૫૮, મંગળવાર)

* * *

## ૪૯. તમારો એક ભરોસો છે

તમારો એક ભરોસો છે.

જીવન તમને કર્યું સમર્પિત, તન તેમજ મનને;
તમે જ મારા પાલક તારક, અવર નથી કોયે. ... તમારો.

સ્મરણમનનમાં નિશદિન નાચું રાખીને હૃદયે;
ધ્યાન તમારું, ગાન તમારું, પ્રાણ ચહે તમને. ... તમારો.

પ્રતિપળ કરી કૃપાની દૃષ્ટિ પાર કરો મુજને;
સહીસલામત મારું સઘળું, પાસ તમારી છે. ... તમારો.

(૨૦-૩-૧૯૫૮, ગુરૂવાર)

* * *



## ૫૦. મને છોડી દીધો કેમ ?

મને છોડી દીધો કેમ ?
કાં હજી કરો ના રે'મ ?

સ્મરણમનનમાં વખત વીતાવું પૂજાતપમાં તેમ;
તમારી કૃપાકાજે તલસું કોઈ 'પાગલ' જેમ.
તમે જોઈ રે'તા કેમ ? ... મને છોડી દીધો કેમ.

ચાતકથી વધુ ચાહભરેલું અંતર આ મારું;
જીવું કૈંક દિવસથી દિલને વાસીને તાળું.
તોડો ના તેને કેમ ? ... મને છોડી દીધો કેમ ?

દીનદયાળ પતિતપાવન છો ઘણું સાંભળ્યું એમ;
મારે માટે ગઈ સુકાઈ સ્નેહસરિતા કેમ ?
વિસર્યા કાં મારું ક્ષેમ ? ... મને છોડી દીધો કેમ ?

હજી ઘણી વેળા છે આવો, આશ ફળે મારી,
ધન્ય જગતજીવનની ખોલી સત્વર દો બારી.
વરસાવો પ્રેમળ, પ્રેમ ! ... મને છોડી દીધો કેમ ?

(૨૭-૩-૧૯૫૮, ગુરૂવાર)

* * *

## ૫૧. તમારી દિવ્ય કૃપા વરસે

તમારી દિવ્ય કૃપા વરસે,
આતમ કેમ મરે તરસે ?

ચિંતા શાની હોય પછીથી હોય વિષાદે કે;
સંકટ ભલે સતાવે તોપણ હિંમત તૂટે શે ? ... તમારી.

પ્રેમ તમારો મળે સતાવે ઝેર જગતનાં શે ?
અમીનજર જો મળે તમારી વૈભવ મોટો એ. ... તમારી.

ઈચ્છા ફળે બધીયે તો તો ક્લેશ શમે સૌ ને;
વરસાવી દો દિવ્ય કૃપા એ, ધન્ય કરો સ્પરશે. ... તમારી.

(૯-૪-૧૯૫૮, બુધવાર)



* * *

## ૫૨. તમારી દિવ્ય કૃપા જો થાય

તમારી દિવ્ય કૃપા જો થાય

તો જ બને અંતર આનંદિત, કૃતાર્થતા ના માય;
ચિંતાવેદનનો ભાર ટળે, દુઃખ બધાયે જાય ... તમારી.

રોદન હરખમહીં પલટાયે, વસંત રણમાં થાય;
ઉજ્જડ ધરતી પર સરિતા હો, ટળે તાપ ને લ્હાય. ... તમારી.

મનનો મહેરામણ મસ્તપણે ગીત અનેરાં ગાય;
વરસો સતત કૃપા એ આજે; ઉત્સવ મારે થાય. ... તમારી.

(૨૪-૪-૧૯૫૮, ગુરૂવાર)

* * *



## ૫૩. દુઃખ પડે, સંકટ આવે તો રડવાથી શું થાય

દુઃખ પડે સંકટ આવે તો રડવાથી શું થાય,
ચિંતાના વધુ વધુ ચક્રાવે પડવાથી શું થાય ?
સહન કરી લે શાંત થઈને ઉપાય સાચો એજ,
શ્રદ્ધા રાખી પરમાત્મામાં તર ત્રિતાપને સ્હેજ.

મુસીબતોના મહેરામણ હો મારગમાં છોને,
પોક મુક્યાથી વળે ન કૈંયે, કહો વળી કોને ?
સહન કરી લે શાંત થઈને ઉપાય સાચો એજ,
શ્રદ્ધા રાખી પરમાત્મામાં તર ત્રિતાપને સ્હેજ.

જીવનમાં તો અનેક આવાં સંકટ કરવા પાર,
પ્રવાસ કપરો આવે એમાં લાખ ચઢાવ ઉતાર;
કંટક વેઠી ગુલાબકેરો સદા માણવો સાર,
ધીરજ ને હિંમતથી સહવા ઘોર મોતના માર.

માટે હિંમતવાન બની જા, આંસુ લુછી લે તું,
મક્કમ કર મનને તો રેશે ના મુશ્કેલ કશું;
સહન કરી લે શાંત થઈને ઉપાય સાચો એજ,
શ્રદ્ધા રાખી પરમાત્મામાં તર ત્રિતાપને સ્હેજ.

(૧૦-૫-૧૯૫૮, શનિવાર)

* * *

## ૫૪. થોડો વખત, કામ છે મોટું

થોડો વખત, કામ છે મોટું.

દિવસ રાત ને મહિના ચાલે વરસોકેરું જોડું;
પ્રતીક્ષા થતી મંદિર દ્વારે, હૈયું મારું રોતું. .... થોડો.

બળ કૈં કામ ન લાગે મારું, હોય વધારે થોડું;
કૃપા કરો તો સફળ થવાયે, હાથ હેતથી જોડું. ... થોડો.

પળમાં પલટાવો બાજીને, સાંધો તેમજ તોડ્યું;
રણમાં વનની મહેફિલ કરો; થાય વચન ના ખોટું. ... થોડો.

‘પાગલ’ પ્રાર્થે કરુણા વરસો, કરો હવે ના મોડું,
સરિતા સાગર તરફ પ્રેમથી તેમ સદાયે દોડું. ... થોડો.

(૧૫-૫-૧૯૫૮, ગુરૂવાર)

* * *

## ૫૫. તમે તો કરુણા કૈંક કરો

તમે તો કરુણા કૈંક કરો.
મારી ધ્યાને અરજ ધરો.

આતુર આંખ લઈને બેઠો ઉર અનુરાગ ખરો;
પ્રકટાવી દો રૂપ તમારું, વરસો નેહ નરો. ... તમે તો.

વર્ષાના વાદળ જેવાં ભાવે પ્રાણ ભરો,
શીતળ તેમ સુધામય સ્પર્શે મારું ભાન હરો. ... તમે.

'પાગલ' જેમ તમોને ઝંખું, જીવનશ્રેય કરો;
આજ અવશ્ય મળો મધરાતે, શોક હરો સઘળો. ... તમે.

જપ તપ પૂજા કૈં ના જાણું, પ્રેમ વળી ન ખરો;
ધારો તે તે છતાં કરી દો, આજ અવશ્ય મળો. ... તમે.

(૨૩-૫-૧૯૫૮, શુક્રવાર. જેઠ સુદ પાંચમ, સાબરમતી)

* * *

## ૫૬. જે વિધ રાખો તેમ રહું

જે વિધ રાખો તેમ રહું.
મનમાં શાંતિ અનંત લહું.


સુખ આવે કે દુઃખ પડે પણ ચંચળ ના જ થઉં;
નિંદા સ્તુતિ કે માન વળી અપમાને સ્વસ્થ રહું. ... જે વિધ.

જીવનની કપરી કેડીને કરતો પાર રહું,
ડગલે પગલે શ્વાસો શ્વાસે તમને ફક્ત ચહું. ... જે વિધ.

સાથ તમારો મળે, તમારા ચરણ સદાય ગ્રહું;
પરવા મારે કશી પછી ના, અન્ય કશું ન ચહું. ... જે વિધ.

(૫-૬-૧૯૫૮, ગુરૂવાર)

* * *



## ૫૭. હજી તમે કેમ કરી ન કૃપા ?

હજી તમે કેમ કરી ન કૃપા ?
શાને વરસાવી ન સુધા ?

આતુર અંતર લગન ભરેલાં લોચન તેમજ આ,
ઝંખે તમને રાતદિવસ તો તૃપ્ત કરો ના કાં ? ... હજી તમે.

અરજ કરીને બેસી રહ્યો છું તોય ટળી ન તૃષા;
પોકાર કરું તેમજ પ્રાર્થું, શાને જાય વૃથા. ... હજી તમે.

રોજ સવારે સજ્જ થઈને ગીત ધરું છું નવાં;
'પાગલ' પ્રાણ પડ્યો પીડામાં કેમ કરો ન દવા ? ... હજી તમે.

અરજ સુણીને આવો સવેળા, પામું નવલ હવા;
જોજો બિરદ તમારું લજાયે, કીર્તિ દેશો ન જવા. ... હજી તમે.

(૧૧-૬-૧૯૫૮, બુધવાર)

* * *

## ૫૮. નાવ ભલે ડોલે

નાવ ભલે ડોલે.
સાધક, જોજે હિંમત હારે, શ્રદ્ધા શઢ ખોલે. ... નાવ.

આ સિંધુની સફર ન સહેલી, કવિજન કૈં બોલે;
ઉત્તુંગ તરંગો ગરજે છો, બઢ તું મન ભોળે. ... સાધક, નાવ.

ચમકારા જોઈ ના ડર તું સુસવાટા છો લે;
ચિંતા જોરે અંતર તારું ફોગટ ના ફોલે. ... સાધક, નાવ.

મહાપદ મળ્યું છે માનવને પ્રાણતણે તોલે;
અખંડ શ્રદ્ધા રાખ સદાયે, પ્રિયતમને કોલે. ... સાધક, નાવ.

(૧૫-૬-૧૯૫૮, સોમવાર)



* * *

## ૫૯. કસોટી મારી કેમ કરો ?

કસોટી મારી કેમ કરો ?

નિર્બળ હું તો બાળ તમારો, તાપ ઘણો કપરો;
સહી શકાયે કેમ કરીને, લેશ વિચાર કરો. ... કસોટી.

નમ્ર થઈને શરણે આવ્યો નેહભરેલ નરો;
પ્રેમીને પીડો ના પ્રભુજી, આશીર્વાદ ધરો. ... કસોટી.

સાચો કે ખોટો તો પણ છું આવ્યો ભાવભર્યો;
આશા મારી પૂરણ કરજો, હેતુ સમસ્ત સરો. ... કસોટી.

તમારા વિના અન્ય ન મારું, કરુણાદૃષ્ટિ કરો;
'પાગલ' પ્રાણ તલસતો તેને શાશ્વત શાંતિ ધરો. ... કસોટી.

(૧-૭-૧૯૫૮, મંગળવાર. ગુરૂપૂર્ણિમા)

*   *   *

## ૬૦. તમારાં ગીત ઘણાં ગાયાં

તમારાં ગીત ઘણાં ગાયાં.

અંતરના અંતરતમમાંથી તમને મેં ચાહ્યાં,
સહજ સ્વભાવે સ્વરમાં પ્રકટ્યાં, નેહ મહીં નહાયાં. .... તમારાં.

સાચા દિલનાં જીવનના અરુણોદયથી ગાયાં;
સરિતાસ્ત્રોત સમાન તમારી સોડમહીં સમાયાં. ... તમારાં.

દેવોને પણ દુર્લભ એવી ધારી મધુર કાયા,
વ્યોમમહીં વિચર્યાં એ નિશદિન દિવ્ય કરી માયા. ... તમારાં.

બદલામાં ના કૈંયે માગું, શાંત ધરો છાયા;
'પાગલ' પ્રાણને તૃપ્ત કરી દો આજ કરીને દયા. ... તમારાં.

(૨-૭-૧૯૫૮, બુધવાર)

* * *

## ૬૧. વિરહ વધુ વાર નહીં સહેવાય

વિરહ વધુ વાર નહીં સહેવાય.
હવે નહીં મારાથી રહેવાય.

દાવાગ્નિ દિલનો કોઈથી લેશે ના લેવાય;
પ્રબળ બને છે પ્રતિપળ તે તો, ના કોને કે'વાય. ... વિરહ.

મનના કોડ રહ્યા મનમાં ને તાળુ શેં દેવાય;
તનમનઅંતર ભાવભરેલું તાપે શે ટેવાય ? ... વિરહ.

કૃપાળુ કેમ કઠોર થયા છો, અધરો છે ન ઉપાય;
કરુણાની વર્ષા વરસો તો મિલન મધુર કહેવાય. ... વિરહ.

(૩-૭-૧૯૫૮, ગુરૂવાર)

* * *

## ૬૨. નાહિંમત ના થવું કદીયે

નાહિંમત ના થવું કદીયે, નાહિંમત ના થવું.

સિતારતાર ભલેને તૂટે,
છો સંગીત ન સ્વલ્પ વછૂટે;
શાંત રહી અંતરના તારે ગાવું ગીત નવું. ... કદીયે નાહિંમત.

પ્રવાસ કપરો, સાથ ન કોઈ,
વધવું તોપણ આંસુ લોઈ;
મુશ્કેલી ને ચિંતામાં ના ભારે થાય ભવું. ... કદીયે નાહિંમત.

પ્રવાસ વારંવાર કરાયે,
ધ્રુવપદ તોય ન પાસ જણાયે;
તોપણ શ્રદ્ધાને ખોઈ ના હારી હામ જવું. ... કદીયે નાહિંમત.

શૂળી ઉપર પડે ચાલવું,
અંગારામાં તેમ મ્હાલવું;
ડગવું ના, વધુ વધુ સહવા માટે તૈયાર થવું. ... કદીયે નાહિંમત.

સદાય લે જીવનનો લ્હાવો;
ભલે જલે જીવનની જ્વાળાઓ;
મહાવીર જીવનને માણે કોટીવાર કવું. ... કદીયે નાહિંમત.

(૪-૭-૧૯૫૮, શુક્રવાર)

* * *

## ૬૩. તમારો એક છે આધાર

તમારો એક છે આધાર.
તમારે જોરે જ જીવું, તમે જીવનસાર. ... તમારો.

તમારે સ્પર્શે જ મારા મધુર રણકે તાર;
શાંતિ પામું તેમ ઉરનો કરું હળવો ભાર. ... તમારો.

સ્વર્ગ માણું મધુર મિલને ને પદારથ ચાર;
આતમાની એકતામાં પદ પમાય રસાળ. ... તમારો.

તમારો સાથી થઈને કરું પર્વત પાર;
ડરું ના દુઃખોથકી ને ગણું કદીયે હાર. ... તમારો.

પ્રેમમાં 'પાગલ' થઈને ગાઉં છું હર કાળ;
છોડશો સ્વપ્નેય ન મને કદી પ્રાણાધાર ! ... તમારો.

(૫-૭-૧૯૫૮, શનિવાર)

* * *

## ૬૪. તમારી થાય કૃપા જો આજ

તમારી થાય કૃપા જો આજ,
તો તો મુજને શાંતિ મળે ને રહે તમારી લાજ. ... તમારી.

તનમન નૂતન બને, રસ ધરે ને ઈન્દ્રિયસમાજ;
આનંદ છવાયે આંગણિયે, વાજે ઝાંઝપખાજ. ... તમારી.

આતમનો અસ્ત થયા જેવો લાગે આજ અવાજ;
પૂરણરૂપે થાય પ્રકટ તે પામી દિવ્ય અવાજ. ... તમારી.

અનેક દિનની ફળે આશ ને શમે સાધના ખાસ;
રોમરોમ હો કૃતાર્થતા ને નવજીવનનો વાસ. ... તમારી.

સમર્થ તો પણ કાં તલસાવો હજી ગરીબનિવાજ !
'પાગલ'ને ભાવ કરી ભેટો સજવા સુંદર સાજ. ... તમારી.

(૭-૭-૧૯૫૮, સોમવાર)

* * *

## ૬૫. પ્રાર્થનાતણો ઉત્તર દો

પ્રાર્થનાતણો ઉત્તર દો.
ઝંખે તેને જવાબ આપો, કાયમ શાંતિપ્રદાયક હો. ... પ્રાર્થનાતણો.

તલસાવો ના પ્રેમીજનને વધુવાર હવે જોજો હો;
કોચાંના લોચનને લોવા દોડી આવો તુર્ત તમો. ... પ્રાર્થનાતણો.

રોજ રોજ ખખડાવે દ્વારો તેને ના જ નિરાશ કરો;
છાયા માગે, આશ્રય ચાહે, તેને આશીર્વાદ ધરો. ... પ્રાર્થનાતણો.

તાપ શમાવો તપ્તજનોના, દર્દ બધાં દૂર કરી દો;
'પાગલ' પોકારે તે પહેલાં પ્રકટો, લેશ વિલંબ ન હો. ... પ્રાર્થનાતણો.

(૮-૭-૧૯૫૮, મંગળવાર)

* * *

## ૬૬. જીવન ધારું તેવું થાય

જીવન ધારું તેવું થાય,
તો જ રહે આનંદ સદાયે, કૃતાર્થતા ના માય. ... જીવન.

સેવ્યાં સ્વપ્ન સફળ થાયે સૌ, મટે લગન ને લ્હાય;
નિરાશા શમે, નિષ્ફળતાયે કાયમકાજે જાય. ... જીવન.

આશીર્વાદ એજ આજે દો અંતર જેને ચ્હાય;
પ્રાપ્ત થાય તે સરળતાથકી, ઉત્સવ મારે થાય. ... જીવન.

(૧૦-૭-૧૯૫૮, ગુરૂવાર)

* * *

## ૬૭. તમારો રાખ્યો છે આધાર

તમારો રાખ્યો છે આધાર.
દીપકથી વધુ અચળ જલે છે ઉર વિશ્વાસ વિશાળ. ... તમારો.

તોફાનમહીં દુઃખદર્દના સમજી તમને સાર,
ચરણોમાં શ્રદ્ધાને રાખી પાળી પ્રીત રસાળ. ... તમારો.

જાણીને જીવનના તમને પાલક ને રખવાળ,
કરી પ્રાર્થના અરજ વહાવી અશ્રુને હરકાળ. ... તમારો.

શંકા કરી નથી કોદીયે જીત મળી કે હાર;
કાળ કસોટીનો કપરો આ કરો હવે તો પાર. ... તમારો.

(૧૨-૭-૧૯૫૮, શનિવાર)

* * *

## ૬૮. બેઠો બે કર જોડી શું !

બેઠો બે કર જોડી શું !
લમણે હાથ દઈ મ્લાન થઈ રડતો અંતર તોડી શું ! ... બેઠો

યોદ્ધા લડે ઝઝૂમે રણમાં, વરે વિજયને આખર શું;
બેચાર પડ્યા ફટકા ત્યાં તો બેચેન બની બેઠો તું ! ... બેઠો.

હિંમત હારી મનને મારી કેમ નિસાસા નાખ હજુ;
જીવનનો આ જંગ જટિલ છે, પાછો પડ ના વીર, તસુ. ... બેઠો.

ભરદરિયામાં જાય ખલાસી લાવે ત્યારે કૈંક વસુ,
તું પણ તેમજ સફર કરી લે, કઠિન રહેશે ના જ કશું ... બેઠો.

શ્રદ્ધા રાખી, હિંમત ધારી, સ્મરતા શ્વાસોશ્વાસ પ્રભુ,
'પાગલ' પુરુષાર્થી થા પૂરો, ભયભીત થઈ બેઠો શું ! ... બેઠો.

(૨૨-૫-૧૯૫૮, શુક્રવાર)

* * *

## ૬૯. તમે મને છોડશો ન કદી

તમે મને છોડશો ન કદી.
અલગ મારાથી થશો ના હે કૃપાળુ, ઘડી. ... તમે મને.

વસું વનમાં કોક વખતે તેમ પ્હાડ ચઢી,
ત્યાં તમારી હૂંફ રે'જો પ્રેમજ્યોત જડી. ... તમે મને.

દુઃખ સુખમાં રહું જીવનજંગ ઘોર લડી,
શુભાશિષની તે સમે પણ ખૂટશો ન ઝડી. ... તમે મને.

પ્રાર્થના છે એજ મારી, રહું પાસ પડી;
આંખ હરદમ આંખમાં હો, રહો અંગ અડી. ... તમે મને.

(૨૬-૭-૧૯૫૮, શનિવાર)

* * *

## ૭૦. ફૂલ કેવું મૂક

ફૂલ કેવું મૂક ધરી જાય સુવાસ,
નદી અર્પે નીર કિન્તુ કરે શોર ન ખાસ;
ધરિત્રી ધારણ કરે છે કરોડો જીવો,
માનપત્ર છતાં ન માગે, સૂર્યને અવકાશ
શાંત સેવા બોલવાનો નથી, રમતાં રાસ
કરોડો કિરણે પ્રદાન કરે સદાય પ્રકાશ.

ઉષાસંધ્યા રાતદિન ને ઋતુતણો ક્રમ આ
નિરંતર ચાલ્યા કરે, કલકલ વહે ઝરણાં;
પર્વતો મૂંગા ઊભા છે ધ્યાનને ધારી,
પવન ને વર્ષા કરે છે ખેલ શા ભારી !
પોતપોતાના જ કર્મે મસ્ત છે સઘળાં,
શાંત સંવાદી કરે સંસારને સઘળાં.

શાંત સંવાદી થઈને તેમ શ્વાસ લઉં,
તમારી આરાધનાનો મૂક અર્ઘ્ય થઉં !

(૨૭-૭-૧૯૫૮, રવિવાર)

* * *

## ૭૧. નથી પુષ્પો ધૂપ કે નૈવેદ્ય મારી પાસ

નથી પુષ્પો ધૂપ કે નૈવેદ્ય મારી પાસ,
ગીત ગાઊં કેમ છું ના ગવૈયોયે ખાસ;
અન્ય આભૂષણ તમોને કહો અર્પું શું,
અકિંચન પણ ભાવભીનો એક આવ્યો હું.

તમારી પૂજામહીં સંલગ્ન છું હું તો,
થયો 'પાગલ' પ્રેમમાં છે વસવસો ન કશો;
અમર હો પૂજા, હૃદય તેમાં સદાય વસો;
એજ ચાહું આંખ આગળથી કદી ન ખસો.

(૩૧-૭-૧૯૫૮, ગુરૂવાર)

* * *



## ૭૨. માંગુ એક હૃદયનું રાજ

માંગુ એક હૃદયનું રાજ.
સમર્પણ કરો સઘળું મુજને અન્ય રહે ના કોઈ કાજ. ... માગું.

પ્રત્યેક પળે પાસ વિરાજો, અંતર અંતર કરો અવાજ;
આંખ મળે ને થાય એકતા, વાજે જાણે ઝાંઝપખાજ. ... માગું.

લક્ષ્મી યશની નથી કામના, ચાહું ના સંપત્તિ સાજ;
તમારો કરી દો મુજને તો જીવન પ્રાણ પરમ શિરતાજ. ... માગું.

સ્વર્ગ મોક્ષ ને સર્વ તમે છો ભવસાગરના દિવ્ય જહાજ;
પ્રેમીની પાસે જ રહેજો, જોજો જાય જરી ના લાજ. ... માગું.

(૧-૮-૧૯૫૮, શુક્રવાર)

* * *

## ૭૩. મારે પણ હૈયું છે

મારે પણ હૈયું છે.
ભાવ લાગણી ઊર્મિથી ભર નાનું હૈયું છે. ... મારે પણ.

એની દુનિયા વળી નિરાળી, સુંદર તેમજ કોમળ સારી;
ત્યાગી બાહ્ય રીતે તોપણ છે રાગી હૈયું એ. ... મારે પણ.

શ્રદ્ધા ધીરજ હિંમતવાળું, આફતની સામે લડનારું;
જોમભરેલું નિત્યનવું વરણાગી હૈયું છે. ... મારે પણ.

જોજો એને ઠોકર મારો; પોતાનું માનીને પાળો;
આઘાત નહીં સહી શકે એ નાનું છૈયું છે. ... મારે પણ.

મિલ્કત એ મારે મન મોટી, અંધતણી એકાકી જ્યોતિ;
ભૂલશો નહીં વફાદાર, ટેકીલું હૈયું એ. ... મારે પણ.

(૩-૮-૧૯૫૮, રવિવાર)

* * *

## ૭૪. મારી સંભાળ સદા રાખો

મારી સંભાળ સદા રાખો.
મારું ધ્યાન નિરંતર રાખો.

વૈભવ તેમ વિપત્તિમાંયે ચિત્ત ચરણરસ ચાખો,
સંકટસુખમાં નેહભરેલી નિત્ય નજરને નાખો. ... મારી.

ચિંતા મુશ્કેલી મારીને પ્રેરક વાણી ભાખો,
તમારો જ માનીને મુજને પ્રાણ સમીપે રાખો. ... મારી.

મનનું પંખી ઉડે તમારી તરફ પ્રસારી પાંખો,
'પાગલ' પ્રાણ હસે સહવાસે, દ્વાર વિરહનાં વાખો. ... મારી.

(૭-૮-૧૯૫૮, ગુરૂવાર)



* * *

## ૭૫. મુજને ખબર નથી પડતી

મુજને ખબર નથી પડતી.
કેમ હજીયે મારી તમને અરજ નથી અડતી. ... મુજને.

અનેક દિનથી કરું પ્રાર્થના, અનુરાગી ઉરથી,
પ્રત્યુત્તરની માળા તમને કેમ નથી મળતી. ... મુજને.

આતુર આંખ તલસતી, ઉરને કળ પણ ના વળતી;
કરુણાસભર શૂન્ય છતાં કાં નજર નથી ફરતી ? ... મુજને.

દિન ને રાત વિરહની અંગે આગ રહે જલતી;
દોડી આવો તોય લઈ ના ભાવતણી ભરતી. ... મુજને.

સાદ સાંભળી સદ્ય પધારો, માન્ય કરો વિનતિ,
ઉપમા આજે તો એકેયે ખરે નથી જડતી. ... મુજને.


(૧૪-૮-૧૯૫૮, ગુરુવાર)

* * *

**સમાપ્ત**

* * *

**ABOUT THE AUTHOR**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ **પૂજા** |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ અંતરનો અનુરાગ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ ▪ અર્પણ |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪ (રામકૃષ્ણ) રસામૃત |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**